જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૨/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૭૪/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૧૩૬ લીટર દેશી દારૂ, ૫૪૫ બોટલ ઇગ્લીશ દારૂ, બિયર ટીન ૧૪૨, મીની બસ, મોટર સાયકલ ૨ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૭,૧૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૭૫/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૩૭૬/૧૬

**વસ્ત્રાપુરઃ** અતુલભાઇ પરષોતમભાઇ પટેલ (રહે, હાર્મી ટેજ વિલા, આંબલી બોપલ) એ તા.૨૪/૧૨/૧૬ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૧/૧૬ સાંજનાં ૫/૩૦ વાગ્યાના સુમારે આરોપી હાર્દીકભાઇ ભરતભાઇ શાહ (રહે,રણજીતનગર દીગ્વીજય પ્લોટ જામનગર)એ અતુલભાઇને ૫% કમીશનથી નોટ બદલી આપવાનુ કહી અતુલભાઈને વસ્ત્રાપુર આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક ખાતે બોલાવી અતુલભાઈ પાસેથી (જુના દરની નોટ) રૂપિયા ૨૪,૦૦,૦૦૦/- લઈ બેન્કનો સમય પુરો થઈ ગયો છે એટલે બેન્ક મેનેજરને મળીને બદલાવી આપવાનુ કહી વિશ્વાસ ભરોસો આપી, અતુલભાઇને રસ્તા પર ઉભા રાખી, રોકડ લઇ નાસી જઇ અતુલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એન.રામાનુજ ચલાવે છે.

**કાલુપુરઃ** અશોકભાઇ સુબલભાઇ પાત્ર (રહે.બીજો માળ, કિરણ ચેમ્બર્સ, શેઠની પોળ રતનપોળ) એ તા.૨૪/૧૨/૧૬ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૭/૧૬ થી તા.૩૦/૭/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મનુભાઇ એન.સેલર (રહે. બ્લોક નંબર બી ફ્લેટ નંબર-૭ સુખીવાડી મણીનગર) (૨) મનુભાઇના ભાગીદાર કાંતીભાઇ (૩) ઓફીસમાં સેલ્સમેન તરીકે કામ કરતા રાજુભાઇ અને (૪) શંકરલાલ નંદલાલ બેજ (સોની) (રહે.ધુસા પારેખની પોળ, શક્તિ માર્કેટ પહેલો માળ,એમ.જી.હવેલી રોડ માણેકચોક કાલુપુર) એ ભેગા મળી રતનપોળ શેઠની પોળમાં આવેલ કિરણ ચેમ્બર્સના બીજા માળે દુકાનમાંથી જુદા જુદા બીલોની મજુરી સહિત સોનુ કિમત રૂપિયા ૬૨,૪૪,૯૫૯/- લઈ જઈ સોનુ કે સોનાના દાગીના પરત નહી ચુકવી અશોકભાઈ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી બી.પી.મેઘલાતર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**દુષ્પ્રેરણઃ-** **સમાચાર યાદી નં.૨૩૭૭/૧૬**

**બાપુનગરઃ** પ્રકાશભાઇ દેવજીભાઇ પરમાર (રહે.હરીઓમ સોસાયટી રઘુનાથ હાઇસ્કુલની પાછળ હિરાવાડી બાપુનગર) એ તા.૨૪/૧૨/૧૬ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની બહેન અનીતાને આરોપી (૧) સુશીલભાઇ જીતુભાઇ મહાલીયા (રહે. હરીઓમ સોસાયટી રઘુનાથ હાઇસ્કુલની પાછળ હિરાવાડી બાપુનગર) સાથે પ્રેમ સંબધ હોય, પ્રેમ લગ્ન કરવાનુ કહેતા સુશીલભાઈએ અનીતાબહેન સાથે લગ્ન નહી કરી સુશીલભાઈ અને સુશીલભાઈના સંબંધીઓ માનસીક દુષ્પ્રેરણ આપતા હોઈ અનીતાબેહેનને મનમાં લાગી આવતા આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.સી.જાડેજા ચલાવે છે.

**થેલામાંથી કેમેરો ઝુટવી લઈ ગયા :-** **સમાચાર યાદી નં.૨૩૭૮/૧૬**

**વાડજઃ** માલયભાઇ વિપુલભાઈ મોદી (ઉ.વ.૨૧)(રહે.રીધ્ધી વિનાયક ટાવર કિરણ પાર્ક રેલ્વે ક્રોસીંગ પાસે જુનાવાડજ) તા.૨૪/૧૨/૧૬ ના કલાક ૧/૩૦ વાગ્યાનાં સુમારે જુનાવાડજ સીંધી હાઈસ્કુલ ચાર રસ્તા નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પેશન પ્રો.મોટર સાયકલ ઉપર આવેલ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) બે પુરૂષ માલયભાઇને ઓવર ટેક કરી મોટર સાયકલ ઉભુ રખાવી લાકડીથી ડરાવી માલયભાઈની બેગમાંથી કેનન કંપનીનો કેમેરો કિંમત રૂપિયા ૯૫,૦૦૦/- ઝુંટવી લઈ પલાયન થઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ માલયભાઈએ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઈ અભાભાઈ ચલાવે છે.

**સોનાનુ મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૭૯/૧૬**

**મણીનગરઃ** ભારતીબહેન વા/ઓ સુરેશભાઇ પટેલ (ઉ.વ.૬૩) (રહે.પ્રેસ્ટીઝ બંગ્લોઝ જીવીબા સ્કુલની પાસે ઘોડાસર) તા.૨૪/૧૨/૧૬ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે મણીનગર રામકૃષ્ણ હોલની બાજુમાં આવેલ યુનિયન બેન્ક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એકટીવા ઉપર આવેલ પુરૂષ ભારતીબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ભારતીબહેન પટેલે મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જી.ચૌધરી ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૩૮૦/૧૬**

**આનંદનગરઃ** મુરલી ગોપીનાથન નાયર (રહે. શ્રીનંદનગર વિભાગ-૫ વેજલપુર) એ તા.૨૪/૧૨/૧૬ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૨/૧૬ બપોરના ૩/૦૦ વાગે એસ જી હાઇવે સપત-૪ ચિમનભાઇ કોલેજની સામે પાર્કીગમાં પાર્ક કરેલ પોતાની મારુતી વેગન આર કાર નંબર જીજે ૧ એચએલ ૭૨૯૭ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે ડી ડાંગરવાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૩૮૧/૧૬**

**સાબરમતીઃ** વૈશાલીબહેન કેતનભાઇ શાહ (ઉ.વ.૩૬)(રહે.સંજીવકૃપા એપાર્ટમેન્ટ દેના બેન્ક પાછળ રામનગર સાબરમતી) તા.૨૭/૧૧/૧૬ નારોજ પોતાના ઘરે ગેસ પર પાણી ગરમ કરવા જતા પોતે પહેરેલ ગાઉન ગેસની સગડીની આગમાં અડી જતા દાઝી ગયા હતા. સારવાર માટે અપોલો હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૪/૧૨/૧૬ નારોજ વૈશાલીબહેનનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી સુરેશભાઇ બાબુભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)